## સંક્ષિપ્ત સમાચાર

### ભિલોડા પાસેના મોટી વાંસળી ગામે મારામારી થતાં સામસામી ફરીયાદ

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મોટી વાંસળી ગામે સામાન્ય બાબતે બોલાચાલી થતાં એકબીજાને મદદગારીથી મારામારી કરતાં આખોય મામલો ભિલોડા પોલીસ મથકે આવતાં ફરીયાદી કાંતીભાઈ શંકરભાઈ ડાભીની હકીકત એવી છે કે, અહીંયા પાણી કેમ ઢોળો છો? તેમ કહેતાં સામી પાર્ટીએ પાણી તો પંચાયતના રોડ ઉપર જાય એવું કહેતાં આરોપી ચૌહાણ બાબુભાઈ કોદરભાઈ, ચૌહાણ રમીલાબેન, ચૌહાણ સંજયભાઈ બાબુભાઈ, ચૌહાણ ભારતીબેન બાબુભાઈ વિગેરે જેમાં આરોપી નંબર ૧ ઉશ્કેરાઈ જઈ લાત મારી નીચે પાડી દઈ આરોપી નંબર. ૨, ૩, ૪ ની મદદગારીથી ફરીયાદીને ગડદાપાટુનો માર મારેલ છે.જેથી સામેની પાર્ટીના ફરીયાદી સંજયકુમાર બાબુભાઈ ચૌહાણમાં આરોપી સરતાનભાઈ છગનભાઈ પગી, રાકેશભાઈ બાબુભાઈ ડાભી, ભરતભાઈ સરતાનભાઈના જમાઈ, કાંતીભાઈ સરતાનભાઈ વિગેરેનાઓ રસ્તા બાબતે અવારનવાર ઝગડો કરી મારામારી કરતા હોય છે. જીલ્લા મેજીસ્ટ્રે સા.ના જાહેરનામાનો ભંગ કરતાં ભિલોડા પોલીસે કાર્યવાહી કરી તપાસ ચલાવી છે.

### ભિલોડામાં પ્લાસ્ટીકની થેલી પર પ્રતિબંધ મુકવા મામલતદારને આવેદનપત્ર અપાયું

અરવલ્લી જીલ્લાના ભિલોડાના બજારમાં વેચાતા પ્લાસ્ટીકના કપ અને પ્લાસ્ટીકની થેલી ઉપર પ્રતિબંધ મુંકવા સંદર્ભે ભારત વિકાસ પરીષદ શાખાના હોદ્દેદારો ધ્વારા ભિલોડા મામલતદાર જી. કે. પટેલને આવેદનપત્ર આપાયુ હતું. ભારત વિકાસ પરીષદ ભિલોડા શાખા પ્રમુખના જણાવ્યા મુજબ ભિલોડાના બજારમાં ચાની લારીઓ, દુકાનોમાં પ્લાસ્ટીકના કપમાં ચા પીરસવામાં આવે છે. પ્લાસ્ટીકથી પ્રજાજનોના આરોગ્યને નુકશાન થવાનો પુરેપુરો ભય રહેલો છે. શાકભાજીની લારીઓ, કરીયાણા, પ્રોવિઝન, કાપડ સહિત વિવિધ પ્રકારની ચીજવસ્તુઓ વેચતા વેપારીઓ ધ્વારા પ્લાસ્ટીકની થેલીઓ ગ્રાહકોને આપવામાં આવતી હોય છે. પ્લાસ્ટીકની થેલીઓને કારણે સ્વચ્છતા જળવાતી નથી.પ્લાસ્ટીક પશુઓ ખાય છે. ભિલોડાના બજારોમાં ધુમ વપરાતા પ્લાસ્ટીકના કપ અને પ્લાસ્ટીકની થેલીઓ ઉપર કડક હાથે વહીવટી તંત્ર ધ્વારા પ્રતિબંધ મુકવામાં આવે તેવી માંગ સાથે આવેદનપત્ર અપાયું હતું.

### ભિલોડા તાલુકા બ્લોક હેલ્થ કચેરી ધ્વારા પોલીયો રસીકરણ

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા બ્લોક હેલ્થ કચેરી ધ્વારા પોલીયો રસીકરણ કાર્યક્રમ અંતર્ગત ભિલોડા તાલુકા બ્લોક હેલ્થ કચેરી ધ્વારા બાળકોને ૩ દિવસમાં પોલીયોની રસી પીવડાવામાં આવશે તેમ ડાૅ. એ. જે. વૈષ્ણવ જણાવ્યું હતું. પોલીયો રસીકરણ કાર્યક્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે ડાૅ. અનિલભાઈ જોષીયારા ભિલોડા ધારાસભ્ય, રાજેન્દ્રભાઈ પારઘી અરવલ્લી જી. પં. પ્રમુખ, મનોજભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લી-સાબરકાંઠાના હવામાનમાં પલટો : વાદળો ઘેરાયા

મોડાસા, તા. ૧૮

અપરએર સાકલોનીક સરક્યુલેશનની અસરથી દેશના અનેક રાજયોમાં વરસાદની શક્યતાની સાથે વાતાવરણમાં ભારે પલટો જોવા મળી રહ્યો છે. જેની અસર ગુજરાત રાજય અને સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં જોવા મળતા બન્ને જિલ્લાના હવામાનમાં ભારે પલટો આવવાની સાથે આકાશી વાદળો ઘેરાતા ઠંડીનો ભારે ચમકારો અનુભવાઈ રહ્યો છે. શિયાળાની ઋતુમાં બન્ને જિલ્લાના વાતાવરણમાં વાદળો ઘેરાતા જિલ્લાના ભૂમિપુત્રો અને પ્રજાજનો દંગ રહી ગયા છે.





અરવલ્લી-સાબરકાંઠા જિલ્લો શીતલહેરની ઝપેટમાં આવી ગયા છે. ઉત્તરીય પવનને લીધે બન્ને જિલ્લામાં ઠંડીનું જોર યથાવત રહ્યું છે. ખાસ કરીને વાદળછાયા વાતાવરણના પગલે મોડી રાત્રે વહેલી સવારે ઠંડી વધારે અનુભવાઈ રહી છે. બન્ને જિલ્લાના વાતાવરણમાંથી ઉત્તરાયણ પર્વ પહેલા ઠંડી અચાનક ગાયબ થવાની સાથે તાપમાનના લઘુત્તમ પારામાં નોંધપાત્ર વધારો થતા પ્રજાજનો અને ખેડૂતો ગરમીનો અહેસાસ અનુભવી રહ્યા હતા. બન્ને જિલ્લાના વાતાવરણમાં મકરસંક્રાંતિ પછી અપરએર સાયકલોનિક સરક્યુલેશનની અસર હેઠળ વાદળો ઘેરાતા દિવસ દરમ્યાન શીતલહેરી પવનો ફૂંકાતા અને માવઠાની અસર જણાતા પ્રજાજનો અને ભૂમિપુત્રો ચિંતીત બન્યા છે. સતત વાદળો ઘેરાયેલા રહેતા માવઠાની સંભાવના દેખાતા શિયાળુ ખેતપેદાશો જેવી કે ઘઉ, જીરૂ, વરીયાળી, તડબૂચ જેવા પાકોમાં રોગચાળો ફાટી નિકળવાની દહેશત ડોકાતા બન્ને જિલ્લાના ભૂમિપુત્રો ચિંત બન્યા છે. ચોમાસામાં વરસાદની અનિયમીતતાના લીધે અને કપાસના પોષણક્ષમ ભાવો ન મળવાના કારણે ખેડૂતોની હાલત કફોડી બની હતી. ત્યારે શિયાળામાં વરસાદની સંભાવના પેદા થતા ખેડૂતોના માથે ચિંતાની લકીરો ખેંચાઈ છે.

અરવલ્લી-સાબરકાંઠાના વાતાવરણમાં ભારે પલટો આવતા બન્ને જિલ્લાના પ્રજાજનો ગાત્રો થીજવતી ઠંડીન અહેસાસ અનુભવી રહ્યા છે. બન્ને જિલ્લાના ગામડાઓમાં પિયત જમીનના લીધે લઘુત્તમ તાપમાનમાં ભારે ઘટાડો નોંધાતા ગામડાના લોકો થરથર ધ્રુજી રહ્યા છે.

# અંબાજીમાં ૨૦મી જાન્યુઆરીએ બજારો બંધ રાખવા એલાન

## અંબાજી વિકાસ મંચ દ્વારા અપાયુ બંધનું એલાન

પાલનપુર, તા. ૧૮

યાત્રાધામ અંબાજીમાં છેલ્લા કેટલાક સમયથી ગ્રામ પંચાયત અને મંદિરને લગતા કેટલાક પ્રશ્નોને લઈ સ્થાનીક રહેવાસીઓ ભારે દુવિધા અનુભવી રહ્યા છે ને જે બાબતે છેલ્લા કેટલાક સમયથી ચાલતી આ બાબતે અલગ જ પ્રકારનું સ્વરૂપ લઈ અંબાજીના વિવિધ પ્રશ્નો સામે લડત લડવા સ્થાનિક અગ્રણીઓ દ્વારા અંબાજી વિકાસ મંચનું ગઠન કરવામાં આવ્યું છે. અંબાજી ગ્રામ પંચાયતમાં છેલ્લા કેટવલાક સમયથી ચાલતી કથીત ગેરરીતી અને ભ્રષ્ટાચાર તેમજ સ્થાનિક શહેરીજનોની લાઈટ, પાણી અને સફાઈ જેવી પ્રાથમિક જરૂરીયાતોની અનિયમીતતા તેમજ અંબાજીમાં છેલ્લા કેટલાંક દિવસોથી હૃદયરોગના બનાવો બની રહ્યા છે ત્યારે અંબાજીની કોટેજ હોસ્પિટલમાં એમ.ડી. ડૉક્ટરની પણ ભારે અછત વર્તાઈ રહી છે. એટલું જ નહી અંબાજીની ભૌગોલિક પરિસ્થિતિ ઢાળ અને ઢોળાવ વાળીને રસ્તાઓ વાંકા ચુંકા ઘાંટાવાળા હોવાથી પારાવાર અકસ્માતોના પણ અનેક બનાવ સર્જાય છે. ત્યારે આવા બનાવોમાં ઈજાગ્રસ્તોને તાત્કાલિક પાલનપુર રીફર કરવા પડે છે. ત્યારે અંબાજીમાં ઓર્થેપેડીક અને ગાઈનેક ડૉક્ટરની પણ ભારે કમી મહેસુસ કરવામાં આવે છે. જ્યારે અંબાજી મંદિર દ્વારા પણ કેટલાક દરવાજાઓ બંધ કરાતાં ગ્રામજનોએ દર્શન માટે ભારે કનડગત થતી હોય છે. ત્યારે આ બધા પ્રશ્નોનો નિકાલ આવે તે માટે ગ્રામજનો દ્વારા સામુહૂક લડત લડવાનો નિર્ણય કરાતાં અંબાજી વિકાસ મંચ દ્વારા આવતીકાલ એટલેકે ૨૦ જાન્યુઆરી મંગળવારના રોજ તમામ વેપારીઓ પોતાના વેપારી ધંધા સ્વૈચ્છિક બંધ રાખી સામુહિક લડતમાં જોડાવવા અપીલ કરાઈ છે. જેને લઈને અંબાજી શહેરમાં અંબાજીના બજારો બંધ રાખવા રીક્ષામાં લાઉડસ્પીકર લગાવીને બંધ રાખવાની અપીલ પણ કરવામાં આવી છે.

# ભિલોડાના નાપડાના યુવાન ક્રિકેટરનું ચાલુ મેચે હૃદયરોગનો હૂમલો થતા મોત

## અચાનક મેદાન પર ઢળી પડતા જિલ્લાના ક્રિકેટપ્રેમીઓ શોકમગ્ન

મોડાસા, તા. ૧૮

સમગ્ર દેશના યુવાનો-વડીલો બાળકો અને યુવતીઓમાં ક્રિકેટની રમતનો ભારે ક્રેઝ જોવા મળી રહ્યો છે. તેમાંય ખાસ કરીને બાળકો અને યુવાનોની ક્રિકેટ ઘેલછા અતિરેક જોવા મળે છે અને સમય મળતાની સાથે જ ક્રિકેટ રમવા અધિરા બની જાય છે. પરંતુ છેલ્લા કેટલાય સમયથી ક્રિકેટના મેદાનમાં યુવાન ક્રિકેટરોના આકસ્મીક મોત નિપજવાની ઘટનામાં ભારે વધારો જોવા મળી રહ્યો છે. આવી જ એક ઘટના અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના નાપડા ગામના અને મોડાસાના માધુપુર ગામ ખાતે ક્રિકેટમેચ રમવા આવેલા યુવાનનુ ચાલુ રમતે હૃદયરોગનો હૂમલો થતા મોત નિપજ્યુ હતુ. ચાલુ મેચે ક્રિકેટરનું મોત નિપજતા જિલ્લાના ક્રિકેટપ્રેમીઓ અને પરિવારજનો આઘાતમાં સરી પડ્યા હતા.



અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના નાપડા ગામના યુવાનોની ક્રિકેટ ટીમ મોડાસા તાલુકાના મોટી-ઈસરોલ નજીક આવેલા માધુપુર યુવક ક્રિકેટ ટીમ વચ્ચે માધુપુરના મેદાનમાં ક્રિકેટ મેચ યોજાઈ હતી ત્યારે નાપડા ગામના અરવિંદભાઈ રેવાભાઈ તરાર (ઉં.વ.૨૭)ની ટીમની બેટીંગ આવતા બેટીંગ કરી રહ્યા હતા તે અરસામાં એકાએક છાતીમાં અસહ્ય દુઃખાવો ઉપડતા હૃદયરોગનો હૂમલો થતા મેદાન પર ઢળી પડ્યા હતા. ચાલુ બેટીંગ દરમ્યાન ક્રિકેટર ઢળી પડતા બન્ને ટીમના ખેલાડીઓ તાબડતોડ યુવાનને મોટાઈસરોલ આવેલા ખાનગી દવાખાને સારવાર અર્થે ખસેડતા પ્રાથમિક સારવાર આપવા છતાં યુવાનની તબીયત સુધારા પર ન જણાતા તાબડતોડ મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયો હતો. સાર્વજનિક હોસ્પિટલના તબીબોએ યુવાન ક્રિકેટર અરવિંદભાઈને મૃત જાહેર કરતાં સાથી ખેલાડીઓ બેબાકળા બની ગયા હતા. આ ઘટના અંગેની જાણ મૃતક યુવાનના પરિવારજનોને કરતા દવાખાને દોડી આવ્યા હતા અને યુવાનને મૃત હાલતમાં જોતા આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી. મૃતક ક્રિકેટ યુવાન કુશ્ડી હાઈસ્કૂલમાં અંગ્રેજી શિક્ષક તરીકે હંગામી સેવા આપતા હતા. પરિવારજનોમાં ૬ મહિનાની પુત્રી તેમજ પત્નિ ભૂમિકાનો સાથ છોડતા ભિલોડા પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. યુવાન ક્રિકેટરનું ચાલુ મેચે મોત નિપજતા જિલ્લાના ક્રિકેટપ્રેમીઓ આઘાતમાં સરી પડ્યા હતા.

મોડાસા તાલુકાના જીતપુર ગામનો અન્ય એક યુવાન કમલેશ નાનજીભાઈ પ્રણામી (ઉં.વ. ૩૫) પણ હૃદયરોગનો હૂમલાનો ભોગ બનતાં મોતને ભેટ્યો હતો. ઉદેપુર (રાજસ્થાન)માં ટ્રક લઈને પહોંચેલો યુવાનનું ઉદેપુરમાં હૃદયરોગના હૂમલાથી મોત નિપજતા તેના પરિવારમાં બે બાળકો અને પત્નિ નિરાધાર બન્યા હતા. જિલ્લામાં એક જ દિવસમાં બે યુવાનો હૃદયરોગના હૂમલાનો ભોગ બની આકસ્મીક મોત નિપજતા અને યુવાનો પણ હૃદયરોગના હૂમલાનો શિકાર બનતા જિલ્લાના પ્રજાજનો ચિંતાતુર બન્યા છે.

# રૂપાલમાં આઉટપોસ્ટની સામે જ આવેલ પોસ્ટ ઓફીસમાં ચોરી

હિંમતનગર તાલુકાના રૂપાલ ગામે આવેલ આઉટપોસ્ટ પોલીસ સ્ટેશનની સામેની પોસ્ટ ઓફીસમાં તથા અન્ય ત્રણ ધાર્મિક સ્થળે શનિવારે રાત્રે તસ્કર ટોળકીએ ત્રાટકી અંદાજે રૂ. ૫૦ હજારના મુદ્દામાલની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગેની ફરિયાદ રવિવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ છે. રૂપાલ ગામે આવેલ આઉટપોસ્ટ પોલીસ સ્ટેશનમાં છેલ્લા પાંચ વર્ષથી કોઈ સ્ટાફ ફાળવવામાં આવ્યો ન હોવાને કારણે તે નધણીયાતુ છે. દરમિયાન શનિવારે રાત્રે આઉટપોસ્ટ પોલીસસ્ટેશનની સામે આવેલ પોસ્ટ ઓફીસના દરવાજાનું તાળુ તોડી અજાણ્યા શખ્સોએ અંદર પ્રવેશ કરી તિજોરીમાં રાખેલ રૂ. ૬૧૬૮ની રોકડ ચોરી કરી લઈ ગયા હતા.



### ભિલોડાના મોહનપુર ગામ પાસે કાર દિવાલ સાથે ટકરાતાં એકનું મોત

અરવલ્લી જીલ્લાના ભિલોડા-શામળાજી ધોરીમાર્ગ ઉપર આવેલ મોહનપુર ગામ પાસે વેગનઆર કાર દિવાલ સાથે ટકરાતાં એક ઈસમનું કરૂણ મોત નિપજ્યું હતું. બે ઈસમો ગંભીર રીતે ઘવાયા હતા.વેગનઆર કાર નંબર. જી.જે.૯. બી.બી. ૯૮૭૦ ના ચાલકે પુરપાટ ઝડપે ગફલતભરી રીતે કાર હંકારતા મોહનપુર ગામ પાસે ગોઝારા વળાંકમાં દિવાલ સાથે ધડાકાભેર ટકરાતાં ધર્મેન્દ્રસિંહ ચંપાવતનું ઘટનાસ્થળે કરૂણ મોત નિપજ્યું હતું. સુરેન્દ્રસિંહ પઢીયાર, ગજેન્દ્રસિંહ ચંપાવત, સુશીલાબેન અસારી ગંભીર રીતે ઘવાયા હતા ત્યારે વધુ સારવાર અર્થે હિંમતનગર ખસેડાયા હોવાનું જાણવા મળેલ છે.ભિલોડા પોલીસએ વેગનઆર કાર ચાલક વિરૂધ્ધ ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

# હિંમતનગરમાં પ્લોટમાં રોકાણ કરવાના બહાને ૭૨.૪૫ લાખની છેતરપિંડી

હિંમતનગર, તા. ૧૮

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં એક શખ્સને દેવામાંથી બહાર કાઢવા માટે લાલચ આપી પ્લોટમાં રોકાણ કરવાથી ટૂંક સમમયાં પૈસા ડબલ થઈ જશે તેવો વિશ્વાસ આપી બાવજીના નામે હિંમતનગરના શખ્સ પાસેથી બેંક દ્વારા તથા આંગડીયા મારફતે અલગ અલગ સમયે રૂ. ૭૨.૪૫ લાખથી વધુની રકમ ખંખેરી લઈ ચારેક વર્ષ અગાઉ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરતા આ શખ્સે શનિવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ઈડર અને અમદાવાદના શખ્સ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

મળતી માહિતી મુજબ ૧૮-૮-૨૦૧૨ થી અત્યાર સુધીના સમયગાળામાં કેશવભાઈ માધાભાઈ ડાભીને મોતીપુરા વિસ્તારમાં આવેલ પ્લોટ ખરીદવા માટે તથા તેમાં રોકાણ કરવાથી પૈસા ડબલ થઈ જશે અને તમારુ દેવુ પણ ચુકતે થઈ જશે તેમ કહી ઈડર, અમદાવાદના રખીયાલ તથા અમરાઈવાડી વિસ્તારમાં રહેતા શખ્સ મળી ત્રણ જણાએ કેશવભાઈ ડાભી પાસેથી સુરેશ બાવજીના નામે જુદા જુદા નામે બેંકના ખાતામાં તથા આંગડીયા મારફતે રૂ. ૬૮, ૬૦, ૦૫૧ તથા દિનેશભાઈ જાની નામના શખ્સ પાસેથી પણ રૂ. ૩.૮૫ લાખ મળી આ ત્રણેય જણાએ ૭૨, ૪૫, ૦૫૧ લી લીધા હતા.

તેમ છતાં કેશવભાઈ ડાભીને હિંમતનગરમાં ન તો પ્લોટ મળ્યા હતા ઉલ્ટાનું તેમનું દેવુ વધી જતા તેઓ ચિંતાતુર બની ગયા હતા. ત્યારબાદ આ ત્રણેય શખ્સો પાસેથી પૈસાની ઉઘરાણી કરવામાં આવતી હતી. તેમ છતાં તેઓ આટલી મોટી રકમ આપી શક્યા ન હતા. જેથી કંટાળીને કેશવલાલ ડાભીએ શનિવારે ત્રણેય જણા વિરૂદ્ધ હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં રૂ. ૭૨ લાખથી વધુની છેતરપીંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ મુકેશભાઈ નટવરભાઈ પંડ્યા (રહે. ઈડર), હામાભાઈ પ્રેમજીભાઈ ચૌહાણ ઉર્ફે રામભાઈ પદ્યુમનસિંહ ગઢવી (રહે. રખીયાલ, અમદાવાદ) અને મુકેશભાઈ હામાભાઈ ચૌહાણ (રહે. અમરાઈવાડી) સામે ફરિયાદ નોંધાવી હતી.

# ઈડરના શખ્સે વ્યાજખોરોના ત્રાસથી કંટાળી ઝેરી દવા પીધી

હિંમતનગર, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લામાં અનેક ઠેકાણે ખાનગી ફાયનાન્સો જરૂરિયાતમંદોની મજબુરીનો લાભ લઈને પઠાણી વ્યાજ લઈને નાણાં ધીરે છે. ત્યારબાદ પૈસા પરત લેવા માટે તેઓ દેવાદારને સારીરિક અને માનસિક ત્રાસ આપી તેમનું જીવવું હરામ કરી દે છે. ત્યારે ઈડરના એક શખ્સે વ્યાજખોરોના ત્રાસથી શનિવારે કંટાળી જઈને ઝેરી દવા પી લીધી હતી. જેથી તેમને સારવાર માટે ખસેડાયા હતા. ત્યારબાદ આ શખ્સે છ જણા વિરૂદ્ધ રવિવારે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ઈડરના મોટાકસ્બા વિસ્તારમાં રહેતા જતીનમહંમદ નુરમહંમદ શેખે એક વર્ષ અગાઉ મણીયોર, વાસણાકંપા, ગંભીરપુરા તથા ઈડરના ત્રણ શખ્સો પાસેથી જરૂરિયાત હોવાથી રૂ. ૮ લાખ ઉંચા વ્યાજે લીધા હતા. ત્યાર બાદ કેટલીક રકમ વ્યાજ સાથે પરત કરી હતી. જોકે જતીનમહંમદને વ્યાજખોરોને રૂ. ૨.૫૫ લાખ આપવાના બાકી નીકળતા હતા. જેથી છ વ્યાજખોરો પૈકી ત્રણ વ્યાજખોરોએ તેમની પાસેથી આ વ્યાજખોરોઓએ બાકી નીકળતા પૈસા મેળવવા માટે અવારનવાર ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવતી હતી તથા બાકીના પૈસા વસુલ કરવા મકાનના વેચાણ દસ્તાવેજ પર તેમની સહી કરાવી લીધી હતી તથા તેનું એક વાહન પણ પડાવી લીધું હતુ. જેથી કંટાળીને જતીનમહંમદ નુરમહંમદ શેખે રવિવારે બપોરે ઝેરી દવા પી લઈ આપઘાત કરવાની કોશિષ કરી હતી. ત્યારબાદ તેમની તબિયત લથડતા ઈડરની માનવ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. બીજી તરફ તેમણે તરત જ છ વ્યાજખોરો વિરૂદ્ધ રવિવારે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ અંગે ઈડર પોલીસ સ્ટેશનમાં કિરીટસિંહ પ્રવિણસિંહ રમલાવત (મણીયોર), કનુભાઈ વેલાભાઈ ભરવાડ (દેવાસણાકંપા), સંજયકુમાર ડાહ્યાભાઈ પરમાર (ઈડર, -મનહરસિંહ રામસિંહ પરમાર (ઈડર), નટુભાઈ પરમાર (ઈડર), તેજસ લાલાભાઈ રબારી (ગંભીરપુરા ઈડર) ફરિયાદ નોંધાવી હતી. આ અંગે ઈડર પોલીસ સ્ટેશનમાં પૃચ્છા કરતા જતીનમહંમદ શેખે કેટલા નાણાં વ્યાજે લીધા હતા તે અંગે કોઈ જાણકારી ન હોવાનું જણાવ્યું હતું.



ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં રમતોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર બારોટ, સહમંત્રી નયનાબેન બારોટ, આર.જી.બારોટ એજ્યુંકેશન કેમ્પસ ડાયરેક્ટર દેવાંગભાઈ બારોટ, આર. જી. બારોટ એજ્યુંકેશન કેમ્પસમાં આવેલ વિદ્યાશાખાના આચાર્યો, સ્ટાફ પરીવાર, વિદ્યાર્થીઓ, વાલીગણ ઉપસ્થિત રહ્યા હતા. ખેલાડીઓને બિરદાવી સન્માનિત કરી વિજેતા ખેલાડીઓને ટ્રોફી, શિલ્ડ,પ્રમાણપત્ર અપાયા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### સાબરકાંઠા પેન્શનર મંડળની તાલુકાવાર પ્રમુખોની વરણી

સાબરકાંઠા જિલ્લા પેન્શનર મંડળના તાલુકાવાર પ્રમુખોની વરણી કરવામાં આવી હતી. ખેડબ્રહ્મા શ્રી કિર્તીભાઈ જોષી, વડાલી શ્રી ગોવિંદભાઈ પરમાર, ઈડર શ્રી ચતુરસિંહ ચૌહાણ, હિંમતનગર શ્રી મનગભાઈ પટેલ, પ્રાંતિજ શ્રી મીઠાલાલ શાહ, માલપુરશ્રી ગિરીશભાઈ સોની, ધનસુરા અધ્યક્ષ શ્રી મગનભાઈ પટેલ, પ્રમુખ શ્રી હસમુખભાઈ પટેલ, તલોદશ્રી ગોબરસિંહ ઝાલા, વિજયનગર શ્રી સુરજીભાઈ નિનામા, મેઘરજ શ્રી સુરેશભાઈ કટારા, ભિલોડા શ્રી વાલજીભાઈ ગરાસીયા, શ્રી શૈલેષભાઈ પંચાલની વરણી કરવામાં આવી હતી.

### ખેડબ્રહ્માના દિગથલી પ્રાથમિક શાળામાં સ્વેટર અપાયાં

ખેડબ્રહ્મા વેપારી મહામંડળ દ્વારા તાલુકાની દિગથલી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ૪૦૦ સ્વેટર ભેટ આપવામાં આવ્યા હતા. સ્વેટરના મુખ્ય દાતા મનીષકુમાર કોઠારી તથા વિજયભાઈ ચાવલાના વરદહસ્તે બાળકોને સ્વેટર આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે વેપારી મહામંડળના પ્રમુખ નારાયણદાસ બારોટ-મંત્રી હસમુખભાઈ ભાવસાર-કારોબારીના સભ્યો હસમુખલાલ રાવલ, ચંપકભાઈ પ્રજાપતિ તથા સુમતીભાઈ કોઠારી ઉપસ્થિત રહ્યા હતા. શાળા શિક્ષક ગુણવંતસિંહ એ શાળા વતી સહયોગ આપ્યો હતો.

### દિયોદર પોલીસ દ્વારા નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો

દિયોદર પોલીસ દ્વારા માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત તા. ૧૫-૧-૨૦૧૬ના રોજ નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. સવારે ૯ વાગ્યાના સુમારે દિયોદર પી.એસ.આઈ. જે.બી. આસોડિયા, એ. એસ. આઈ. કરશનભાઈ રૂપાભાઈ, એ.એસ. આઈ. ગોવિંદભાઈ-નાગજીભાઈ ટ્રાફિક એ.એસ. આઈ. હેમાભાઈ બારોટની ઉપસ્થિતિમાં દિયોદર જેનડા ત્રણ રસ્તા ઉપર સી.એમ.સી.માંથી આવેલ ઓપ્ટોમેટિસ્ટ સર્જન ડૉ. રણજીતસિંહ રાજપુત દ્વારા ૨૫૦થી વધુ દર્દીઓની નેત્રની ચકાસણી કરવામાં આવી હતી. જેમાં પોલીસ દ્વારા વાહન ચલાવતી વખતે નશો ન કરવો, હેલ્મેટ પહેરવું, વાહન ચલાવતી વખતે બ્લેક પટ્ટો બાંધવો ટ્રાફિકના નિયમોનુંપાલન કરવુંતેવા અનેક નિયમો વિશેની માહિતી લોકોને આપવામાં આવી હતી. જેમાં દિયોદર નગરજનો અને વાહનોના ડ્રાઈવરોએ ફ્રી નેત્ર નિદાન કેમ્પનો લાભ લીધો હતો.

### કાંકણોલમાં મોઢ પટેલ સમાજનો ૨૯મો સમૂહ લગ્નોત્સવ ફેબ્રુઆરીમાં

શ્રી ગુજરાત મોઢ પાટીદાર સમાજ હિંમતનગરનો ૨૯મો સમૂહ લગ્નોત્સવ આગામી ફેબ્રુઆરી માસની તા. ૨૮ના રોજ કાંકણોલ ખાતે યોજાનાર છે. જેમાં લગ્નગ્રંથીથી જોડાવા માંગતા યુવક યુવતીઓની નોંધણી તા. ૧૭-૧-૨૦૧૬ રવિવારથી શરૂ થયેલ છે તેમ સમાજના પ્રમુખ જેઠાભાઈ પટેલ અને સક્રિય હોદ્દેદાર બાબુભાઈ જે. પટેલ (તલોદ) એ જણાવ્યુંહતું. સમાજના ૨૮ સમૂહ લગ્નોત્સવની ભારે સફળતા થકી સમાજને નોંધપાત્ર લાભ થતાં ૨૯મો સમૂહ લગ્નોત્સવ હિંમતનગરના કાંકણોલ ખાતે મધુબહેન બાબુલાલ ધુળાભાઈ મોઢ પટેલ સમાજવાડી ખાતે યોજાનાર છે.